# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 11-08-2024 Morning : 9.00 to 9.10 AM
Day : Sunday National News

## આકાશવાણી- સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાયનાડમાં અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઇ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી - રાજ્યને તમામ પ્રકારની મદદની ખાતરી આપી.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને તિમોર લેસ્ટેનાં સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ગ્રાન્ડ કોલરથી સન્માનિત કરાયા.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વધુ ઉપજ આપતી, આબોહવાને અનુકુળ અને બાયોફોર્ટિફાઇડ પાકની 109 જાતોનું વિમોચન કરશે
- બાગ્લાદેશમાં હિન્દુઓ પરના હુમલાઓ બાદ રાજધાની ઢાકા અને ચિત્તોગ્રામમાં હિન્દુ સમુદાયના હજારો લોકો દ્વારા સતત બીજા દિવસે પણ વિરોધ પ્રદર્શન કરાયા
- હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દેશના પૂર્વ, ઉત્તરપૂર્વ અને ઉત્તર પશ્ચિમ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે.
- પેરિસ ઓલિમ્પિકનું આજે સમાપન થશે – આ સ્પર્ધામાં ભારતે એક રજત, પાંચ કાંસ્ય સહિત છ ચંદ્રકો જીત્યા

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM KERALA

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ ભૂસ્ખલનથી પ્રભાવિત કેરળના વાયનાડને સંપૂર્ણ સહાયની ખાતરી આપી છે.

સોશ્યલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ આ આપત્તિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, દુર્ઘટના બાદથી, તેઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે અને કેન્દ્ર સરકારે અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે તમામ ઉપલબ્ધ સંસાધનો એકત્ર કર્યા છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે આ વિસ્તારનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતુ. તથા પીડિતોને મળ્યા અને રાહત શિબિરોની મુલાકાત લઈ ઘાયલો સાથે વાત કરી હતી.

શ્રી મોદીએ વાયનાડ ખાતે અધિકારીઓ સામે સમીક્ષા બેઠક યોજી. અસરગ્રસ્તોના પુનઃવસન માટે લાંબાગાળાની યોજના ઘડવા જણાવ્યું હતું.

.

# PRESIDENT---TIMOR-LESTE.RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તિમોર લેસ્તેના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર - ગ્રાન્ડ કોલર ઓફ ધ ઓર્ડર ઓફ તિમોર-લેસ્તેથી સન્માનિત કરાયા છે. સુશ્રી મુર્મુએ તેમના ત્રણ દેશોના પ્રવાસના છેલ્લા તબક્કામાં ગઇકાલે તિમોર લેસ્તેની  મુલાકાત લીધી હતી. તેમણે રાજધાની ડિલીમાં તિમોર-લેસ્તેના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય ચર્ચા  કરી હતી. બંને દેશોએ પરસ્પર સહયોગ પર ત્રણ સમજૂતી કરાર પર  હસ્તાક્ષર કર્યા હતા.

તિમોર-લેસ્ટેના રાષ્ટ્રપતિ જોસ રામોસ-હોર્ટાએ રાષ્ટ્રપતિ મુર્મુના માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મુએ ભારત અને તિમોર-લેસ્તે વચ્ચેના સંબંધોને આગળ  વધારવા અને બંને દેશો વચ્ચેના જોડાણને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજી, ન્યુઝીલેન્ડ અને તિમોર લેસ્તેની મુલાકાત પૂર્ણ કર્યા બાદ આજે નવી દિલ્હી આવવા રવાના થયા છે.

# PM MODI CROPS RELEASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વધુ ઉપજ આપતી, આબોહવાને અનુકુળ અને બાયોફોર્ટિફાઇડ પાકની 109 જાતોનું વિમોચન કરશે. કાર્યક્રમ દરમિયાન તેઓ ખેડૂતો અને વૈજ્ઞાનિકો સાથે પણ વાતચીત કરશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 109 જાતો જાહેર કરવામાં આવશે જેમાં આવરી લેવાયેલા 61 પાકોમાં 34 પ્રાદેશિક અને 27 બાગાયતી પાકનો સમાવેશ થાય છે. કૃષિ પાકોમાં, બાજરી, તેલીબિયાં, કઠોળ, શેરડી, કપાસ, રેસા અને અન્ય સહિત વિવિધ અનાજના બીજ પણ જાહેર કરશે. બાગાયતી પાકોમાં વિવિધ ફળો, શાકભાજી, મસાલા, ફૂલો અને ઔષધીય વનસ્પતિઓનો સમાવેશ થાય છે.

# VIDESH SACHIV NEPAL VISIT

નેપાળ સરકારે આપેલા નિમંત્રણને પગલે  ભારતનાં વિદેશ સચિવ વિક્રમ મેસરી આજથી બે દિવસની નેપાળ યાત્રા પર જશે. જેમાં  ભારત પાડોશી પ્રથમની નીતિને પ્રાથમિકતા આપશે. ભારત અને નેપાળ મિત્ર દેશ હોવાથી આ યાત્રા બંને દેશોનાં દ્વિપક્ષીય સંબંધોને વધુ સુદ્રઢ બનાવશે.

# OM-BIRLA--ORIENTATION.RTF

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સ્વસ્થ અને મજબૂત લોકશાહી માટે સંવાદ અને સહકારના વાતાવરણને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. શ્રી બિરલાએ નવી દિલ્હીમાં નવા ચૂંટાયેલા સાંસદો માટે આયોજિત બે દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમના સમાપન સત્રને સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારતની સ્થિતિ પર પ્રકાશ પાડતા શ્રી બિરલાએ સભ્યોને લોકશાહી આચરણના ઉચ્ચતમધોરણોને જાળવી રાખવા અપીલ  કરી હતી. તેમણે કહ્યું કે જનતાની આશાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવાની જવાબદારી લોક પ્રતિનિધિઓની  છે.

# NATWAR-SINGH.RTF

પૂર્વ વિદેશ મંત્રી કે નટવર સિંહનું ગઈકાલે રાત્રે દિલ્હી નજીક ગુરુગ્રામમાં લાંબી માંદગી બાદ અવસાન થયું. તેઓ ૯૩ વર્ષના હતા. તેઓ છેલ્લાં કેટલાંક સમયથી બીમાર હતા. પરિવારના સૂત્રોએ જણાવ્યું કે તેમના અંતિમ સંસ્કાર આજે દિલ્હીમાં કરવામાં આવશે. તેમને 1984માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. નટવર સિંહે ઘણા પુસ્તકો પણ લખ્યા છે.

# SEBI-CHIEF---HINDENBURG.RTF

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ચેરપર્સન માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બૂચે હિંડનબર્ગ રિસર્ચ દ્વારા તેમની સામે કરવામાં આવેલા આરોપોને રદિયો આપ્યો છે.

અમેરિકા સ્થિત ઇન્વેસ્ટમેન્ટ રિસર્ચ ફર્મ હિંડનબર્ગ રિસર્ચે આરોપ લગાવ્યો છે કે માધબી પુરી બુચ અને ધવલ બુચ અદાણી ગ્રૂપ સાથે જોડાયેલી ઓફશોર એન્ટિટીમાં હિસ્સો ધરાવે છે.

એક નિવેદનમાં, બૂચે જણાવ્યું હતું કે આરોપો ખોટા છે અને તેમનું જીવન અને નાણાકીય બાબતો ખુલ્લા  પુસ્તક સમાન છે. તમામ જરૂરી ડિસ્ક્લોઝર વર્ષોથી સેબીમાં રજૂ કરાયા છે. તેમણે કહ્યું કે, ભવિષ્યમાં પણ કોઈપણ નાણાંકીય દસ્તાવેજો જાહેર કરવામાં તેઓ અચકાશે નહીં.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

# IMD-WEATHER.RT

ભારતીય હવામાન વિભાગે આગામી 16મી તારીખ સુધી દેશના પૂર્વ, ઉત્તરપૂર્વ અને ઉત્તર પશ્ચિમ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 5 દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી  છે.

આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, મુઝફ્ફરાબાદ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં ભારે વરસાદની આગાહી છે. આગામી 5 દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ આગામી બે  તમિલનાડુ, કેરળ અને માહેમાં ભારે વરસાદની સંભાવના છે.દરમિયાન દિલ્હીમાં  હળવોથી મધ્યમ વરસાદ થઈ રહ્યો છે . ગઈકાલે દિલ્હીમાં 34 મિલિમિટર  વરસાદ નોંધાયો હતો.

# BANGLADESH---PROTEST.RTF

બાગ્લાદેશની રાજધાની ઢાકા અને ચિત્તોગ્રામમાં લઘુમતી હિન્દુ સમુદાયના હજારો લોકોએ ગઈકાલે સતત બીજા દિવસે જોરદાર દેખાવો કર્યા હતા.  દેખાવકારો દેશભરમાં હિન્દુ ઘરો, વ્યવસાયો અને મંદિરો પરના હુમલાઓથી રક્ષણની માંગ કરી રહ્યા હતા. તેઓ  લઘુમતીઓ પર હુમલા માટે જવાબદારોને સજા કરવા માટે વિશેષ ટ્રિબ્યુનલની રચના કરવા, લઘુમતીઓ માટે સંસદમાં દસ ટકા બેઠકો ફાળવવા અને લઘુમતી સંરક્ષણ કાયદો ઘડવાની માંગ કરી રહ્યા હતા. મુસ્લિમ સમુદાયના લોકો પણ એકતા દર્શાવવા પ્રદર્શનમાં લઘુમતીઓ સાથે જોડાયા હતા.

શેખ હસીનાએ પ્રધાનમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું ત્યારથી બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય હિંસા અને અશાંતિનો શિકાર બન્યો છે. હિંદુ સમુદાયના અનેક મંદિરો, ઘરો અને ધંધાકીય સ્થળોએ તોડફોડ કરવામાં આવી છે. આ ઘટનાઓમાં સુશ્રી શેખ હસીનાની અવામી લીગ પાર્ટી સાથે જોડાયેલા બે હિન્દુ નેતાઓ માર્યા ગયા હતા..

દરમિયાન, ભારતીય મૂળના અમેરિકન સાંસદોએ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થયેલા હુમલા અંગે સંસદમાં ચર્ચાની માંગ કરી છે. સાંસદ શ્રી થાનેદારે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનને પત્ર લખીને કોંગ્રેસમાં ચર્ચાની માંગણી કરી છે જેથી હિંદુઓ અને અન્ય લઘુમતીસ મુદાયોને સુરક્ષા આપવામાં નિષ્ફળતા અંગે ચર્ચા થઈ શકે અને ભવિષ્યમાં આવી ઘટનાઓને અટકાવી શકાય. શ્રી  થાનેદાર અને કોંગ્રેસના અન્ય સભ્યરાજા કૃષ્ણમૂર્તિએ પણ શ્રી  બ્લિંકનને બાંગ્લાદેશની નવી સરકારને હિંદુઓ વિરુદ્ધ હિંસા રોકવા માટે અપીલ કરવા વિનતી  કરી છે.

# OLYMPICS---CLOSING-CEREMONY.RTF

પેરિસ ઓલિમ્પિકનું આજે સમાપન થશે. સમાપન સમારોહ ભારતીય સમય અનુસાર બપોરે 12:30 વાગ્યે શરૂ થશે. આ સમારોહમાં ઘણા જાણીતા કલાકારો અને કલાકારો પરફોર્મ કરશે. સમાપન સમારોહમાં પરેડ માટે ભારત તરફથી બે વખતના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પી.આર. શ્રીજેશ અને મનુ ભાકરની પસંદગી કરવામાં આવી છે.

શ્રીજેશ હોકી ટીમનો ગોલકીપર રહી ચૂક્યો છે અને પેરિસ ઓલિમ્પિકમાં ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યા બાદ તેણે નિવૃત્તિની જાહેરાત કરી છે. મનુ ભાકર ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ છે. સમાપન સમારોહમાં, ઓલિમ્પિક મશાલને ઓલાવવામાં આવશે અને ઓલિમ્પિક ધ્વજ લોસ એન્જલસમાં 2028 ઓલિમ્પિક ગેમ્સની આયોજન સમિતિને સોંપવામાં આવશે.

દરમિયાન પેરિસ ઓલિમ્પિકમાં ભારતનું અભિયાન સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયું છે. આ સ્પર્ધામાં ભારતે કુલ છ ચંદ્રકો જીત્યા છે. જેમાં એક રજત અને પાંચ કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે. ગઈકાલે મહિલા રેસલર રિતિકા હુડ્ડા 76 કિગ્રા વજનવર્ગની ક્વાર્ટર ફાઇનલમાં હારી ગઈ હતી. ગોલ્ફમાં અદિતિ અશોક અને દીક્ષા ડાગર પણ મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી.  કુસ્તીમાં, અમન સેહરાવતે પુરુષોની 57 કિગ્રા ઈવેન્ટમાં કાંસ્ય જીત્યો, જે ભારતનો એકમાત્ર કુસ્તી મેડલ હતો.

# PM-AMAN-SHERAWAT.RTF

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કુસ્તીબાજ અમન સેહરાવત સાથે ફોન પર વાત કરી હતી અને ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પહેલા એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી  મોદીએ કહ્યું હતું કે કુસ્તીબાજ સેહરાવતનું સમર્પણ અને દ્રઢતા સ્પષ્ટ દેખાય છે. તેમણે કહ્યું કે આખા દેશને તેમની નોંધપાત્ર સિદ્ધિ પર ગર્વ છે.

# PARIS-OLYMPIC-BINDRA-AWARDED.RTF

ભારતના પ્રથમ વ્યક્તિગત ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અભિનવ બિન્દ્રાને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા પ્રતિષ્ઠિત ઓલિમ્પિક ઓર્ડર એનાયત કરવામાં આવ્યો છે.

ઓલિમ્પિકમાં અસાધારણ યોગદાનને માન્યતા આપતા, ઓલિમ્પિક ઓર્ડર એ IOC દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે. બિન્દ્રાએ 2008 બેઇજિંગ ગેમ્સમાં પુરુષોની 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં ભારતનો પ્રથમ વ્યક્તિગત ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

# PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિકમાં રમતગમત માટે આર્બિટ્રેશનની અદાલતે ટોચની ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટની ગેરલાયક ઠરાવ્યા સામેની અરજી પરનો નિર્ણય આવતા મંગળવાર સુધી મુલતવી રાખ્યો છે  ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી પણ આ કેસમાં પક્ષકાર છે અને ભારતીય ઓલિમ્પિક એસોસિએશનને અસરગ્રસ્ત પક્ષ તરીકેસામેલ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે અપીલમાં, ફોગાટે સંયુક્ત રજત ચંદ્રક માટે વિનંતી કરી છે 50 કિગ્રા વર્ગમાં સેમિફાઇનલ મુકાબલો જીત્યાના બીજા દિવસે ફાઇનલ મુકાબલો પહેલા તેનું વજન લગભગ 100 ગ્રામ વધારેહતું. વધારે વજન હોવાને કારણે તેને સ્પર્ધા માટે  અયોગ્ય જાહેર કરવામાં આવી હતી  વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે કોર્ટમાં તેમના કેસનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આ કેસમાં સુનાવણી પૂર્ણ થઈ ચૂકી છે.